# હાઉસિંગ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ - ઓવરપેયમેન્ટો અને કરજ વિશે માર્ગદર્શિકા

**(Housing Benefit and Council Tax Benefit – a guide to overpayments and debt)**

આ પત્રિકા ઓવરપેયમેન્ટો (વધારે પડતા ચૂકવાઈ ગયેલા પૈસા) અને કરજ વિશે સમજૂતી આપે છે. આ નિયમો રાષ્ટ્રિય છે અને તમે ગમે તે વિસ્તારમાં રહેતાં હો તે સરખા જ હોય છે. તમે રહો છો તે વિસ્તાર કઈ કાઉન્સિલમાં આવે છે તેની તમને ખબર ન હોય, તો તે તમે તમારા કાઉન્સિલ ટેક્સના બિલ પરથી જાણી શકશો.

## ઓવરપેયમેન્ટ એટલે શું?

ઓવરપેયમેન્ટ એટલે હાઉસિંગ અને/અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટની તમને અથવા તમારા મકાનમાલિકને ચૂકવવામાં આવેલી એ રકમ જે મેળવવા માટે તમે હકદાર ન હો. જો તમને બહુ વધારે પડતો બેનિફિટ ચૂકવવામાં આવ્યો હોય તો સામાન્ય રીતે તમને ચૂકવવામાં આવેલી તે વધારાની રકમ કાઉન્સિલને પાછી ચૂકવી આપવાનું તમને કહેવામાં આવશે. આને પાછું મેળવી શકાય તેવું ઓવરપેયમેન્ટ કહે છે.

## પાછું મેળવી શકાય તેવું ઓવરપેયમેન્ટ એટલે શું?

બાધાં જ ઓવરપેયમેન્ટો પાછાં મેળવી શકાય તેવાં હોય છે, સિવાય કે જો તે 'અધિકૃત ભૂલ'ને કારણે ચૂકવવામાં આવ્યાં હોય અને જ્યારે તમને પૈસા ચૂકવવામાં આવ્યાં હોય અથવા તમારા બેનિફિટ વિશે જાણ કરવામાં આવી હોય ત્યારે તમને તેની વાજબી રીતે જાણ ન થઈ શકી હોત.

## 'અધિકૃત ભૂલ' એટલે શું?

અધિકૃત ભૂલ એટલે તમારી સ્થાનિક કાઉન્સિલના બેનિફિટ સર્વિસ વિભાગ દ્વારા અથવા તેમના માટે કામ કરતી કોઈ વ્યક્તિ દ્વારા થયેલી ભૂલ. આમાં ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સ અને જોબસેન્ટર પ્લસનો સમાવેશ થાય છે. જો તમે અથવા તમારા વતી કારભાર કરતી કોઈ વ્યક્તિએ માહિતી નહિ આપી હોવાને કારણે અથવા ખોટી કે ગેરમાર્ગે દોરતી માહિતી આપી હોવાને કારણે ભૂલ થઈ હોય તો તેને 'અધિકૃત ભૂલ' માનવામાં આવતી નથી.

## ઓવરપેયમેન્ટો શા માટે થાય છે?

તે જુદાં જુદાં કારણોસર થાય છે. અહીં કેટલાંક ઉદાહરણો આપેલાં છેઃ

- તમે કદાચ અમને કહેવાનું ભૂલી ગયાં હો કે તમારી આવક વધી છે, દાખલા તરીકે તમારો પગાર વધ્યો હોય અથવા ટેક્સ ક્રેડિટના પૈસામાં કે પેન્શનમાં ફેરફાર થયો હોય.
- કદાચ તમારા ઘરમાં કોઈ રહેવા આવ્યું હોય કે ઘરમાંથી નીકળી ગયું હોય.
- તમે કદાચ તમારા ઘરમાંથી નીકળી ગયાં હો અને તમારી સ્થાનિક કાઉન્સિલને ન કહ્યું હોય.
- તમે કદાચ કામ કરવાનું શરૂ કર્યું હોય અથવા નોકરી બદલી હોય.
- જો તમારી સાથે બીજાં કોઈ પુખ્ત વયનાં લોકો રહેતાં હોય અને તેમના સંજોગો કદાચ બદલાયા હોય.

કોઈ પણ ફેરફારો વિશે તમારે પોતે જ તમારી સ્થાનિક કાઉન્સિલના બેનિફિટ્સ  સર્વિસ વિભાગને જાણ કરવી જોઈએ અને તમારા વતી બીજું કોઈ તે કરશે તેવા ભરોસે ન જ રહેવું જોઈએ. તમારા સંજોગોમાં થયેલા ફેરફાર વિશે તમે ડી.ડબલ્યુ.પી.ને જાણ કરી હોય તો પણ, તમારે તમારી સ્થાનિક કાઉન્સિલને પણ તે જણાવવું જ જોઈએ અને ડી.ડબલ્યુ.પી. તેમને તે માહિતી મોકલી આપશે તેમ સમજીને બેસી ન જ રહેવું જોઈએ.

## મને ઓવરપેયમેન્ટ કરવામાં આવ્યું હોવાની મને કેવી રીતે ખબર પડશે?

ઓવરપેયમેન્ટની પૂરેપૂરી વિગતોની સૂચના આપતો એક પત્ર તમને મોકલવામાં આવશે. તે ઓવરપેયમેન્ટ કેવી રીતે થયું, તમને કેટલી રકમ વધારે ચૂકવાઈ ગઈ છે અને કેટલા સમય માટેનું તે ઓવરપેયમેન્ટ છે તે બધી જ વિગતો તે પત્રમાં તમને જણાવેલી હશે. તે ઓવરપેયમેન્ટના પૈસા કેવી રીતે પાછા લેવામાં આવશે અને ઓવરપેયમેન્ટ સાથે તમે સહમત ન હો તો શું કરવું તે પણ પત્રમાં તમને જણાવેલું હશે.

## જો ઓવરપેયમેન્ટ સાથે હું સહમત ન હોઉં તો હું શું કરી શકું?

જો ખુલાસો વાંચ્યા પછી તમે ઓવરપેયમેન્ટ સાથે સહમત ન થતાં હો, તો તમારે તમારી સ્થાનિક કાઉન્સિલના બેનિફિટ્સ વિભાગને લખીને વધારે વિગતવાર ખુલાસો માગવો જ જોઈએ અથવા તેમને તેમનો નિર્ણય ફરીથી જોવા માટે કહેવું જોઈએ. તમને ઓવરપેયમેન્ટની સૂચના આપતા પત્ર ઉપરની તારીખના એક કેલેન્ડર મહિનાની અંદર તમારે આ કરી દેવું જ જોઈએ.

તમે નીચેની બાબતોને પડકારી (વિરોધ કરી) શકો છોઃ

- તે ઓવરપેયમેન્ટ પાછું મેળવવા લાયક છે કે નહિ;
- તે કોની પાસેથી પાછું મેળવી શકાય છે;
- તેની ગણતરી કેવી રીતે કરવામાં આવી છે;
- બચતો અને રોકાણોમાં ઘટાડો (જો બચતો અને રોકાણોમાં વધારો થયો હોવાને કારણે ઓવરપેયમેન્ટ થયું હોય તો જ); અને
- પાયાની હકપાત્રતાની ગણતરી.

તમે નીચેની બાબતોને પડકારી શકતાં નથીઃ

- તમારી સ્થાનિક કાઉન્સિલે ઓવરપેયમેન્ટના પૈસા પાછા મેળવવા 'જોઈએ' કે નહિ; અને
- તમારી સ્થાનિક કાઉન્સિલ તે પૈસા કેવી રીતે પાછા મેળવવાનું પસંદ કરે છે.

## હું અપીલ કરી શકું છું?

જો તમે ખુલાસાથી અથવા ફરીથી વિચાર કર્યા બાદ અપાયેલા નિર્ણયથી સંતુષ્ટ ન હો, તો તમે અપીલ કરી શકો છો. અપીલો લેખિત જ કરવી જોઈએ અને તેમાં તમારી સહી કરેલી હોવી જ જોઈએ. તમે કયા નિર્ણય વિરુદ્ધ અપીલ કરી રહ્યાં છો તે તમારે સ્પષ્ટ કરવું જ જોઈએ અને અપીલ માટેનાં કારણો જણાવવાં જ જોઈએ.

તમારી અપીલ તમારી સ્થાનિક કાઉન્સિલને મોકલી આપો (તેમનું સરનામું તમારા કાઉન્સિલ ટેક્સના બિલ ઉપર છે). તમે જે નિર્ણય વિરુદ્ધ અપીલ કરી રહ્યાં હો તેની તારીખના એક કેલેન્ડર મહિનાની અંદર તમારે આ કરી દેવું જ જોઈએ. અપીલોની સુનાવણી ટ્રાઈબ્યુનલ સર્વિસ દ્વારા ચલાવવામાં આવતી ટ્રાઈબ્યુનલો દ્વારા સાંભળવામાં આવે છે જેઓ લોકલ ઓથોરિટીઓથી સ્વતંત્ર હોય છે.

ઓવરપેયમેન્ટો વિશેના અમુક નિર્ણયો જો તમને ખોટા હોવાનું લાગતું હોય  તો તેને તમે ઔપચારિક રીતે પડકારી શકો છો. તમે વધારે માહિતી પણ મેળવી શકો છો અથવા નિર્ણય માટેનો ખુલાસો પણ માગી શકો છો.

## ઓવરપેયમેન્ટ કેવી રીતે પાછું મેળવવામાં આવે છે?

- જો તમને હજુ પણ હાઉસિંગ બેનિફિટ મળી રહ્યો હોય, તો ઓવરપેયમેન્ટના પૈસા પાછા મેળવવા માટે, દર અઠવાડિયે તમારો હાઉસિંગ બેનિફિટ કદાચ ઘટાડી દેવામાં આવે.
- જો તમે કાઉન્સિલને ભાડું ચૂકવતાં હો અને તમારા રેન્ટ અકાઉન્ટમાં ઉપરના પૈસા જમા (ક્રેડિટ) હોય, તો આ જમા રહેલા ઉપરના પૈસાનો ઉપયોગ કદાચ ઓવરપેયમેન્ટના પૈસા પાછા ચૂકવી દેવામાં કરવામાં આવી શકે.
- જો તમને હાઉસિંગ બેનિફિટ ચૂકવવામાં ન આવતો હોય, તો તમારી સ્થાનિક કાઉન્સિલ તમને કદાચ એક ઈનવોઈસ (બિલ) મોકલશે અને તમારે તે પૈસા ચૂકવવાની ગોઠવણ કરવી જોઈએ.
- જો તમારા મકાનમાલિકને તમારો બેનિફિટ ચૂકવવામાં આવ્યો હોય, તો અમુક સંજોગોમાં તમારી સ્થાનિક કાઉન્સિલનો બેનિફિટ્સ વિભાગ તમારા મકાનમાલિકને તે ઓવરપેયમેન્ટના પૈસા પાછા ચૂકવી આપવાનું કહી શકે.
- ઓવરપેયમેન્ટના પૈસા મેળવવા માટે તમારી સ્થાનિક કાઉન્સિલ ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સને તમારા સોશિયલ સિક્યોરિટીના બેનિફિટમાંથી પૈસા કાપી લેવાનું કહી શકે. જે કિસ્સામાં તમે ઘર બદલીને બીજા કોઈ વિસ્તારમાં રહેવા જતાં રહ્યાં હો ત્યાં બીજી કાઉન્સિલ દ્વારા તમને ચૂકવવામાં આવતા કોઈ પણ હાઉસિંગ બેનિફિટમાંથી પૈસા કાપી લેવામાં આવી શકે.
- જો કાઉન્સિલ ટેક્સ બેનિફિટ માટે ઓવરપેયમેન્ટ થયું હશે, તો ઓવરપેયમેન્ટની તે રકમ કાઉન્સિલ તમારા કાઉન્સિલ ટેક્સ બિલમાં ઉમેરી દેશે. તમારા મહિનાના હપ્તામાં વધારો કરીને કાઉન્સિલ ટેક્સ ઓફિસ તે ઓવરપેયમેન્ટના પૈસા પાછા લઈ લેશે.

**કાઉન્સિલ તમારા હાઉસિંગ બેનિફિટનું ઓવરપેયમેન્ટ તમારા કાઉન્સિલ ટેક્સમાંથી અથવા કાઉન્સિલ ટેક્સનું ઓવરપેયમેન્ટ તમારા હાઉસિંગ બેનિફિટમાંથી નહિ લે.**

## ઓવરપેયમેન્ટમાં ઘટાડો કરી શકાય?

અમુક સંજોગોમાં તમારા ઓવરપેયમેન્ટમાં કદાચ ઘટાડો કરી શકાય, જો તમે તે ઓવરપેયમેન્ટના સમગ્ર સમય દરમ્યાનના તમારા સાચા સંજોગો વિશે તમારી સ્થાનિક કાઉન્સિલના બેનિફિટ્સ સર્વિસ વિભાગને જાણ કરો તો. જો ઓવરપેયમેન્ટ થયું હોય તે સમય માટે કોઈ બેનિફિટ આપવામાં આવ્યો હશે, તો તેને 'પાયાની હકપાત્રતા' કહેવાય છે. જો તમારી પાયાની હકપાત્રતા હશે તો તેનો ઉપયોગ ઓવરપેયમેન્ટ ઘટાડવા માટે કરવામાં આવશે.

પાયાની હકપાત્રતાની ગણતરી કરતાં પહેલાં, તમારા સંજોગો સમજાવવા માટે તમને કદાચ નવું ફોર્મ ભરવાનું અને આને ટેકો આપવા માટે દસ્તાવેજી પુરાવાઓ આપવાનું કહેવામાં આવે. આ સમય માટે મળેલી કોઈ પણ હકપાત્રતાનો ઉપયોગ ફક્ત ઓવરપેયમેન્ટ ઘટાડવા માટે જ કરી શકાય છે, તે માટે હાઉસિંગ બેનિફિટ કે કાઉન્સિલ ટેક્સ બેનિફિટના પૈસા મળતા નથી.

## હાઉસિંગ બેનિફિટમાંથી કપાતા પૈસા અથવા ચૂકવવાના પૈસા મને પોસાઈ શકે તેના કરતાં વધારે હોય તો મારે શું કરવું જોઈએ?

તમારા હાઉસિંગ બેનિફિટમાંથી કાપવામાં આવતી રકમમાં અથવા પેયમેન્ટોમાં તમે ફેરફાર કરાવવા માગતાં હો, તો તરત જ તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

## મારા કાઉન્સિલ ટેક્સમાં કાઉન્સિલ ટેક્સ બેનિફિટ માટેનું ઓવરપેયમેન્ટ ઉમેરવામાં આવ્યું હોવાને કારણે મને મારા કાઉન્સિલ ટેક્સના હપ્તા ભરવામાં મુશ્કેલી પડી રહી હોય તો મારે શું કરવું જોઈએ?

જો તમને પૈસા ચૂકવવામાં મુશ્કેલી પડતી હોય તો કોઈ ગોઠવણ કરવા માટે તમારે તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરવો જ જોઈએ. તેમનો સંપર્ક કરવા માટેની વિગતો કાઉન્સિલ ટેક્સ બિલ ઉપર આપેલી છે. જો તમે પૈસા નહિ ચૂકવો અથવા કાઉન્સિલનો સંપર્ક નહિ કરો, તો તમને કદાચ કોર્ટનો હુકમ કરવામાં આવે અથવા તમારા ઘરે બેઈલિફ મોકલવામાં આવે. આના કારણે કોર્ટનો ખર્ચો ઉમેરાશે અને તમારા ઉપરનું કરજ પણ વધશે.

## જો કાઉન્સિલ બિલ મોકલી આપે અને મને તે બધા પૈસા એક સામટા ચૂકવવાનું પોસાઈ શકે તેમ ન હોય તો મારે શું કરવું જોઈએ?

જો તમને પૂરેપૂરી રકમ ચૂકવવાનું ન પોસાઈ શકે, તો હપતે હપતે પૈસા પાછા ચૂકવવાની ગોઠવણ કરી શકાય છે. હપતે હપતે પૈસા પાછા ચૂકવવાની ગોઠવણ કરતાં પહેલાં તમારે તમારી આવક અને જાવકની વિગતો આપવાની રહેશે. જો તમે પૈસા પાછા ચૂકવવાની ગોઠવણ કરવા માટે તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક નહિ કરો, તો તેઓ કદાચ કાઉન્ટિ કોર્ટમાં તમારા કરજની નોંધણી કરાવશે અને તેનો અમલ કરાવવા માટે તેમને કહેશે. આ તમારા વિરુદ્ધ કોર્ટ ઓર્ડર જારી કરવા જેવું જ છે અને તેના લીધે બીજે ક્યાંકથી પૈસા ઉધાર લેવાની તમારી પ્રતિષ્ઠાને અસર થઈ શકે છે. આના કારણે કોર્ટનો ખર્ચો ઉમેરાશે અને તમારા ઉપરનું કરજ પણ વધશે.

## મારાં કરજો અંગે મને કેવી રીતે મદદ મળી શકે?

તમારે જેમને પૈસા ચૂકવવાના બાકી હોય તેમનો સંપર્ક કરીને તમારી સમસ્યાઓનો ઉકેલ લાવી શકો છો. ઘણી કંપનીઓ સાથે તમે વાત કરશો તો તેઓ તમને મદદ કરશે. તમારાં કરજને તમે અવગણી શકો નહિ, આથી સાવ પૈસા નહિ ચૂકવવા કરતાં થોડા થોડા કરીને ચૂકવવાની ગોઠવણ કરવાનું બહેતર છે. જો પૈસા પાછા ચૂકવવા માટેની તમારી ઓફરો સંસ્થાઓ ન સ્વીકારે તો સલાહ મેળવો.

તમારી કરજની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે તમે ઘણી બધી સંસ્થાઓ તરફથી મદદ મેળવી શકો છો.
નિષ્પક્ષ સલાહ મેળવવા માટે, તમે નીચેનામાંથી કોઈનો સંપર્ક કરી શકો છોઃ

- **સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરો** - તેઓ કરજ વિશે મફત, ખાનગી અને નિષ્પક્ષ સલાહ આપે છે. તમારી નજીકના બ્યૂરોની વિગતો તમારી સ્થાનિક ફોન બુકમાંથી મળી શકશે અથવા જુઓ www.citizensadvice.org.uk

- **નેશનલ ડેટલાઈન** - કરજની સમસ્યાઓવાળાં લોકો માટે મફત હેલ્પલાઈન. ફોન 0808 808 4000 અથવા જુઓ www.nationaldebtline.co.uk
- **એડવાઈઝ યુકે** - સલાહ આપતી સંસ્થાઓનું વિશાળ નેટવર્ક. તમે નીચેના સરનામેથી એડવાઈઝ યુકે મારફતે સ્વતંત્ર સલાહ સંસ્થાઓનો સંપર્ક કરી શકો છોઃ
  Advice UK, 12th Floor, New London Bridge house, 25 London Bridge Street, London SE1 9ST
  ફોન 020 7407 4070 (નેશનલ) અથવા 020 7407 6611 (લંડન)
  અથવા જુઓ www.adviceuk.org.uk
- **કન્સ્યુમર ક્રેડિટ કાઉન્સેલિંગ સર્વિસ** - કરજની સમસ્યાઓનું વાસ્તવિક નિરાકરણ લાવવામાં, દેવાળિયાપણું ટાળવામાં અને પૈસાનો કારભાર કેવી રીતે કરવો તે શીખવામાં મદદ કરવા માટે મફત, ખાનગી સેવા પૂરી પાડે છે.
  ફોન 0800 138 1111 અથવા જુઓ www.cccs.co.uk

## મને વધારે સલાહ ક્યાંથી મળી શકે?

જો તમને વધારે માહિતી કે સલાહ જોઈતાં હોય, તો તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો. અથવા તમે આ પત્રિકામાં આગળ ઉલ્લેખ કરવામાં આવેલી સંસ્થાઓમાંથી કોઈનો સંપર્ક કરી શકો છો. તેમની વિગતો તમારી સ્થાનિક ફોન બુકમાંથી મળી શકશે.

## અન્ય સ્વરૂપો

આ પુસ્તિકામાં આપવામાં આવેલી માહિતી તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો સ્વરૂપે અને બીજી ભાષાઓમાં મળી શકશે. વધારે માહિતી માટે અમારી વેબસાઈટ www.benefit-leaflets.org જુઓ.